# ગુજરાતી
# સૈમ-3
# પેપર નં- ૨૦3

રજુ કરતા

ડો. મિત્તલ જી ચૌહાણ

આર્ટ્સ કોલેજ, ફતેપુરા

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓનું પ્રદાન

- પ્રમુખ કવિયત્રી

1. મીરાબાઈ
2. ગૌરી ભાઈ
3. દિવાળી બાય
4. કૃષ્ણ બાઈ
5. પુરી બાઈ
6. વણારસી બાઈ
7. ગંગા સતી
8. સતી તોરલ

- ગૌણ કવિયત્રીઓ

સતી રૂપાંદે, સતી દેવલદે ,સતી લોયણ, સતી લીરલબાઈ, અમરબાઈ આયર

# મીરાબાઈ

## મીરાંબાઈ

- સમય: 1499(સોળમી સદી)
- જન્મ: કુકડી (મેડતા,રાજસ્થાન)
- વસવાટ: મેડતા,મેવાડ(ચિત્તોડ),વૃંદાવન,દ્વારકા,અજ્ઞાતવાસ
- શૈશવ: દાદારાવ દુદાજીને ત્યાં
- પિતા: રત્નસિંહ
- લગ્ન: ચિત્તોડના ભોજરાજા સાથે (સિસોદીયા વંશ કુટુંબમાં)
- ગુરુ: રૈદાસ
- પિયર: મેડતા (વૈષ્ણવધર્મ)
- સાસરું: મેવાડ, શૈવધર્મ (રાણાપ્રતાપના કાકી)
- વખણાતું સાહિત્ય – પદ
- બિરુદ : જનમ જનમ ની દાસી



# મીરાબાઈનુ વૃતાંત

- મીરાં માત્ર ત્રણ વર્ષના હતાં ત્યારે તેમના ઘેર એક સાધુ આવ્યા અને તેમણે કૃષ્ણની એક રમકડાંની મૂર્તિ તેમના પિતાને આપી હતી. તેમના પિતાએ આ મૂર્તિ આશિર્વાદ સમજીને સ્વીકારી લીધી. શરૂઆતમાં તેમણે તે મીરાંને ન આપી કેમકે તેમને લાગ્યું કે કદાચ નાની બાલિકાને તે નહીં ગમે. પરંતુ પ્રથમ દૃષ્ટી પડતાં જ આ મૂર્તિ મીરાંના મનમાં વસી ગઈ. જ્યાં સુધી તેને તે મૂર્તિ ન મળે ત્યાં સુધી તેણે કાંઈ પણ ખવાપીવાની મનાઈ કરી દીધી. મીરાં માટે આ મૂર્તિ જાણે કૃષ્ણનું જીવંત અસ્તિત્વ બની ગઈ. તેણે કૃષ્ણને આજીવન સખા, પ્રેમી અને પતિ બનાવવાનો નિર્ણય કર્યો. પોતાના બાળપણના આ અભિગ્રહને તેણે પોતાના સમગ્ર ઝંઝાવાતી જીવન દરમ્યાન પાળ્યો.

- બાળપણમાં એક સમયે મીરાંએ ગલીમાંથી એક લગ્નનો વરઘોડો પસાર થતો જોયો. માતા તરફ ફરી તેણે નિર્દોષતાથી પૂછ્યું, "મારા પતિ કોણ હશે?" તેની માતાએ અડધી ઉતાવળ અને અડધી મજાકમાં ઉત્તર આપ્યો, "તારે તો પહેલેથી શ્રી કૃષ્ણ તારા પતિ છે ને" મીરાંની માતા તેના મનમાં વધતાં જતાં ભક્તિ માર્ગને સહાયક હતી, પણ તેના બાળપણમાં જ તે મૃત્યુ પામી.

- એમણે ગયું હતું કે 'બીજાને મીંઢણ નહીં રે બાંધું'; છતાં વડીલોની ઈચ્છા મુજબ તેમને પરણાવી દેવામાં આવ્યા.

# મીરાબાઈ નું સર્જન

- મીરાના પદો મધ્યકાલીન ગુજરાતી ભાષાનું અનોખુ આભૂષણ છે
- તેમના પદોએ ખાસ કરીને ગુજરાતી-રાજસ્થાની પ્રજા પ્રજા તો વિશેષ કામણ કર્યું છે.
- મેવાડમાં કૃષ્ણ અને મીરાની મૂર્તિઓ એક સાથે પુંજાઈ છે.
- મીરાએ કઇંક અંસે રાધાનું પદ છીનવી લીધું છે.
- મીરાબાઈના પદો પ્રસિદ્ધ છે.
- મીરાબાઈ ગુજરાતીના છે, અને હિન્દી અને રાજસ્થાની ભાષાનાં પણ છે.
- પ્રેમલક્ષણાભક્તિથી સભર મિરાના પદોમાં શૃંગારરસ ભળેલો છે.

**મિરા બાઈએ ચાર ગ્રંથોની રચના કરી**

- **બરસી ક માયરા**
- **ગીત ગોવિંદ ટીકા**
- **રાગ ગોવિંદ**
- **રાગ સોરઠ કે પદ**



# વિશિષ્ટતાઓ

- સુબ્બલક્ષ્મીનએ 1966માં ન્યુયોર્કમાં રાષ્ટ્રસંઘની સામાન્ય સભા સમક્ષ મીરાંબાઈનું 'હરિ તુંમ હરો જનકી ભીર' પદ ગાયું હતું.
- ગાંધીજીએ એમનાં અંતિમ જન્મદિને, દિલ્હીમાં સુબ્બલક્ષ્મીને કંઠે મીરાંબાઈનું 'હરિ તુંમ હરો જનકી ભીર' પદ સાંભળ્યું ત્યારે એમને સંતોષ થયો.
- 'નરસિંહ મહેતા અને મીરાંબાઈના પદો "ત્રીજા નેત્રની પ્રસાદી" છે',- બળવંતરાઈ ક. ઠાકોર
- તો કલાપીએ નરસીહ અને મીરાં માટે કહ્યું છે; 'હતો નરસિંહ, હતી મિરા, ખરા ઈલ્મી, ખરા શૂરા.'
- મીરાંબાઈના પદો 'ભક્તિરસની કવિતાનો ફૂવારો' – નિરંજન ભગત
- મીરાંબાઈ રામાનંદનાં શિષ્ય રૈદાસને ગુરુ માનતા.
- મીરાંબાઈ મહાન સંગીતજ્ઞ હતા. તેમણે મલ્હાર રાગનું મૌલિક સર્જન કર્યું હતું. મીરાંબાઈની સંગીતની સૂક્ષ્મ સૂઝસમજને કારણે તો તાનસેનનું મીરાંબાઈ સાથે મિલન થયું હતું.
- મીરાંબાઈ દ્વારકામાં કૃષ્ણની મુર્તિમાં લીન થયાનું માનવામાં આવે છે.

- આભાર